અપીલ અરજી નં.૧૪૭ તા.૧૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતીઅધિકારી (રીક્રુટમેન્ટ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૭–૦૯ ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા ૧૦૨ ડ્રાઈવરોની પસંદગી હેવી વ્હીકલ લાયસન્સના વર્ષના આધારે,શૈક્ષણિક લાયકાતના આધારે,અનુભવના પ્રમાણપત્રનાં આધારે, ફીઝીકલ/વિઝન તથા પ્રેકટીકલ ટેસ્ટનાં આધારે સીલેકશન –પસંદગી કરી હોય તેની નકલ મેળવવા બાબતની માહિતી.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૭/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૭–૦૯ ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા ૧૦૨ ડ્રાઈવરોની પસંદગી હેવી વ્હીકલ લાયસન્સના વર્ષના આધારે, શૈક્ષણિક લાયકાતના આધારે,અનુભવના પ્રમાણપત્રનાં આધારે, ફીઝીકલ/વિઝન તથા પ્રેકટીકલ ટેસ્ટનાં આધારે સીલેકશન –પસંદગી કરી હોય તેની નકલ મેળવવા બાબતે પર્સોનલ ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૪૯ તા.૧૮–૭–૦૯થી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૦ તા.૨૯–૮–૦૯ થી ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતીઅધિકારી (રીક્રુટમેન્ટ) પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/ આર /૫૧૩ તા.૭–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની તા.૧ ૫–૭–૦૯ ની મુળ અરજીની નકલ, તથા અરજદારને તેના સંદર્ભે નં.જીએડી/ઈએસટી/આર/૩૪૯ તા.૧૮–૭–૦૯ થી પૂરી પાડેલ માહિતીની નકલ, અરજદારની આઈ ડી નં.૪૨૪ તા.૨૧–૭–૦૯ ની મુળ અરજીની નકલ, તથા તેના સંદર્ભે નં.જીએડી/ઈએસટી/આર/૪૨૭ તા.૧૧ –૮–૦૯ થી પૂરી પાડેલ માહિતીની નકલ, અપીલ નં.૧૧૦ ના હુકમની નકલ, હુકમના અનુસંધાને અરજદારને વિના મૂલ્યે પૂરી પાડેલ પ્રતિક્ષા યાદીની નં.જીએડી/ઈએસટી/આર/૪૮૭ તા.૧–૯–૦૯ નકલ, અરજદારની આઈ ડી નં.૫૬૩ તા.૨૦–૮–૦૯ ની મુળ અરજીની નકલ તથા તેના સંદર્ભેનં.જીએડી/ઈએસટી/આર/૫૦૪ તા.૫–૯–૦૯ની માહિતિ પૂરી પાડવા પાઠવેલ પત્રની નકલ, આઈ ડી નં.૬૭૧ તા.૯–૯–૦૯ ની અરજદારની મુળ અરજીની નકલ, તથા તેના સંદર્ભે નં.જીએડી/ઈએસટી/આર/૫૩૬ તા.૧૫–૯–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૫–૭–૦૯ ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા ૧૦૨ ડ્રાઈવરોની પસંદગી હેવી વ્હીકલ લાયસન્સના વર્ષના આધારે, શૈક્ષણિક લાયકાતના આધારે,અનુભવના પ્રમાણપત્રનાં આધારે, ફીઝીકલ/વિઝન તથા પ્રેકટીકલ ટેસ્ટનાં આધારે સીલેકશન –પસંદગી કરી હોય તેની નકલ મેળવવા બાબતે માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૩૪૯ તા.૧૮–૭–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં પસંદગી પામેલ ૧૦૨ ડ્રાઈવરોના નામની અરજી નંબર સહિતની યાદી પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૮–૦૯ ના રોજ ડ્રાઈવરોની પસંદગી જે લાયકાતને પ્રાધાન્ય ગણી કરી હોય તેની સંપૂર્ણ વિગત સાથેની માહિતીની નકલો પૂરી પાડેલ ન હોય અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે સરખા વિષય બાબતે આઈ ડી નં.૪૨૪ તા.૨૧–૭–૦૯ ના રોજ કરેલ અરજી સંદર્ભે નં.જીએડી/ઈએસટી/આર/૪૨૭ તા.૧૧–૮–૦૯ થી અરજદારને ઉમેદવારના નામ, ઉંમર લાયસન્સ નંબર અને શૈક્ષણિક લાયકાત સહિતના લીસ્ટની પસદગી પામેલ ૧૦૨ ઉમેદવારોની પ્રતિક્ષા યાદી સહી વાળી નકલ પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. તેમજ સરખી માહિતી સંદર્ભે અરજદારની આઈ ડી. નં.૨૮૩ તા.૧૭–૬–૦૯ થી માંગવામાં આવેલી માહિતી જે નંબર નં.જીએડી/ઈએસટી/આર/૨૮૫ તા.૭–૭–૦૯ પૂરી પાડેલી માહિતી સંદર્ભે અપીલ નં.૧૧૦ કરવામાં આવેલ. જેનો હુકમ નં. આરટીઆઈ સ ેલ/૫૪૦ તા.૨૫–૮–૦૯ થી કરેલ હુકમના સંદર્ભે પણ નં.જીએડી/ઈએસટી/આર/૧૪૮૭ તા.૧–૯–૦૯ થી અરજદારને સદર વિગતની માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૫–૭–૦૯ ની અરજીના અનુસંધાને તા.૧૮–૭–૦૯ ના રોજ પૂરી પાડેલ માહિતીમાં ૧૦૨ ઉમેદવારની અરજી નંબર, ઉમેદવારનું નામની વિગત અપાયેલ છે. જયારે તે સિવાયની બાકીની માહિતી પૂરી પાડયાનું સદર યાદી પરથી જણાતું નથી. તે પછીની સરખી માહિતી માંગેલી અરજીઓ બાબતે લાયસન્સ નંબર અને શૈક્ષણિક લાયકાતની વિગત પૂરી પાડવા સાથે અન્ય વિગતો માટે પણ દસ્તાવેજ ફી ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએ તે પછીની અરજીઓમાં કાયદાની ભાવના અને જોગવાઈની અમલીકરણનો હેતુ સ્પષ્ટ કરે છે. પરંતુ આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી અલાયદી હોઈ બાબત હેઠળની અરજદારની અરજી અંગે સંપૂર્ણ માહિતી પૂરી પાડવાની કાર્યવાહી થયેલ જણાતી નથી. જે હોવી અનિવાર્ય છે. અરજદારને નહીં પૂરી પાડેલ માહિતી બાબતે ઈન્કારનું કોઈ કારણ કલમ–૮,૯ કે ૧૧ હેઠળનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે નહીં પૂરી પડાયેલી માહિતી જરૂર જણાયે કલમ–૧૧ હેઠળ ત્રાહિતને લગતી માહિતીના કિસ્સામાં તે પ્રક્રિયા હાથ ધરીને ઉચિત નિર્ણય પશ્ચાત જે માહિતી જાહેર કરવા નિર્ણય હોય તે આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***

***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (રીક્રુટમેન્ટ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,